


# સુપરસોનિક ઈન્ટરસેપ્ટર મિસાઈલનું સફળ પરીક્ષણ



- ભારતે ઓડિશાના બાલાસોરમાં પરીક્ષણ કેન્દ્ર ખાતે સુપરસોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું.
- આ મિસાઈલ ઓછી ઊંચાઈએથી આવતા કોઈપણ બેલાસ્ટિક મિસાઈલને પાડી દેવા સક્ષમ હોય છે.
- ઇન્ટરસેપ્ટર મિસાઇલનું પોતાનું મોબાઇલ લોન્ચર છે. આ સિવાય સ્વતંત્ર ટ્રેકિંગ ક્ષમતા અને અદ્યતન રડાર ધરાવે છે.

**FOR ALL TYPES OF STUDY MATERIALS**

**VISIT US – http://vivekanandacademy.org**

**EMAIL**

**Gandhinagar – vivekanandacademy2012@gmail.com**

વિવેકાનંદ એકેડમી ની ટેલીગ્રામ ચેનલ join કરો.

**https://t.me/VivekanadAcademy**

**VIVEKANAND ACADEMY**

**8490927713, 9925698721**

**Gandhinagar**

# ત્રણ વર્ષમાં ગુજરાતમાં સૌથી વધુ-19 યુનિવર્સિટી સ્થપાઈ



- દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં 150 જેટલી નવી યુનિવર્સિટી અસ્તિત્વમાં આવી છે.
- તેમાં સૌથી વધુ ગુજરાત અને મધ્યપ્રદેશમાં સ્થપાઈ છે.
- આ અંગે રાજ્યસભામાં પ્રશ્નોત્તરી દરમિયાન એચઆરડી (માનવ સંસાધન વિકાસ) મંત્રી સત્યપાલ સિંહે જણાવ્યુ હતું
- ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં 19 યુનિવર્સિટી સ્થપાઈ છે.
- ત્યારપછીના ક્રમે 16 યુનિવર્સિટી સાથે મધ્યપ્રદેશ આવે છે.

# સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળાનું નામ જાહેર કરાયું

- સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળાનું નામ જાહેર કરવામાં આવ્યું છે.
- રાજકોટના લોકમેળાને 'ગોરસ લોકમેળો' નામ આપવામાં આવ્યું છે.
- લોકમેળાના નામ માટે 700થી વધુ નામ આવ્યા હતા.
- આ મેળો છઠથી શરૂ થયા છે અને દશમના દિવસે પૂર્ણ થયા છે. ત્યારે સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટમાં સમગ્ર પંથકના લોકો ઉત્સાહભેર અહીંના મેળામાં મજા માણવા પહોંચે છે.

# ઈંગ્લેન્ડમાં કોહલીની પ્રથમ વિરાટ સદી



- વિરાટ કોહલીએ ઈંગ્લેન્ડમાં પ્રથમ ટેસ્ટ સદી ફટકારી છે. તેણે 149 રન બનાવ્યા હતા.
- ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં વિરાટે કેપ્ટન તરીકે સૌથી ઝડપી આંતરરાષ્ટ્રીય 7000 રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો. તેણે 124મી ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી.
- આ બાબતે તેણે વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ કેપ્ટન બ્રાયન લારા (164 ઈનિંગ્સ)ને પાછળ રાખ્યો છે.

**VIVEKANAND ACADEMY**
**8490927713, 9925698721**
**Gandhinagar**

# એપલનું માર્કેટ કેપ 1 ટ્રિલિયન ડોલર,USની પ્રથમ,વિશ્વની બીજી કંપની



- એપલ એક ટ્રિલિયન ડોલર એટલે કે 68 લાખ કરોડ રૂપિયાનું માર્કેટકેપ ધરાવતી કંપની બની છે.
- કંપનીનું માર્કેટકેપ એક હજાર અબજ ડોલરનું થયું છે. તે અમેરિકાની પ્રથમ અને વિશ્વની બીજી કંપની બની છે.
- જાન્યુઆરી 2018થી અત્યાર સુધીમાં એપલના શેરમાં 20 ટકાની તેજી જોવા મળી છે.12 મહિનામાં 34 ટકાનો વધારો નોંધાયો છે.
- મે 2009માં એપલનું વેલ્યુએશન 121 અબજ ડોલર હતું. જે હવે 1000 અબજ ડોલરનું થઈ ગયું છે.
- એપલનું આ માર્કેટકેપ ભારતના અર્થતંત્રના 42 ટકા જેટલું છે.
- વિશ્વના 192 દેશોમાંથી માત્ર 16 દેશની જીડીપી એ ટ્રિલિયન ડોલરથી વધુ છે. ભારતની
- ટીસીએસનું માર્કેટકેપ 7.47 લાખ કરોડનું છે. જ્યારે 7.40 લાખ કરોડ સાથે રિલાયન્સ માર્કેટકેપમાં બીજા ક્રમે છે.

## વિશ્વની ટોપ-3 માર્કેટકેપ કંપની

| કંપની | માર્કેટકેપ | (ડોલર) |
|---|---|---|
| 1. એપલ | 1 હજાર | અબજ |
| 2. એમેઝોન | 879 | અબજ |
| 3. આલ્ફાબેટ | 842 | અબજ |

**એપલ મુખ્યમાહિતી**

- સ્થાપક - સ્ટીવ જોબ્સ

# કવિ મૈથિલીશરણ જન્મજયંતિ

- 3 ઓગષ્ટ, ૧૮૮૬માં ચિરગાંવમાં જન્મેલ કવિ મૈથિલી શરણની આજે જન્મજયંતિ છે.
- તેમણે ૧૨ વર્ષની વયે જ કવિતા લખવાનું શરૂ કર્યું હતું.
- મૈથિલીશરણ ગુપ્તે "ભારત ભારતી' ના ત્રણ ખંડોમાં દેશના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય રેખાંકિત કર્યું છે.
- મહાત્મા ગાંધીએ તેમને રાષ્ટ્ર કવિ તરીકે નવાજ્યા હતા.
- ભારત સરકાર દ્વારા તેમને પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.
- તેમની પ્રખ્યાત કૃતિઓ - પંચવટી, યશોધરા, સાકેત



# Question

1) સુપરસોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરીક્ષણ ક્યાં થયું ?

- ઓડિશાના બાલાસોરમાં પરીક્ષણ કેન્દ્ર ખાતે

2) માનવ સંસાધન વિકાસ મંત્રી ?

- સત્યપાલ સિંહે

3) કેપ્ટન તરીકે સૌથી ઝડપી આંતરરાષ્ટ્રીય 7000 રન બનાવવાનો રેકોર્ડ ક્યાં ક્રિકેટર ના નામે છે ?

- વિરાટ કોહલી

4) કવિ મૈથિલી શરણનો જન્મ ક્યાં થયો હતો ?

- ચિરગાંવમાં

5) કવિ મૈથિલી શરણને ગાંધીજીએ શું કહી નવજયા હતા ?

- રાષ્ટ્ર કવિ

6) સૌરાષ્ટ્રનો સૌથી મોટો લોકમેળો ક્યાં જીલ્લામાં ભરાય છે ?

– રાજકોટ

7) સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળાનું નામ જણાવો ?

- ગોરસ લોકમેળો

8) દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ યુનિવર્સિટી ક્યાં રાજ્યમાં સ્થપાઈ ?

- ગુજરાત

9) અમેરિકાની સૌથી વધુ માર્કેટકેપ ધરાવતી કંપની જણાવો ?

- એપલ

10) જણાવો ?

- ગોરસ લોકમેળો

